## <u>મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલત ના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી (સીની.સીવીલ જજ સાહેબ)ની કોર્ટમાં, મુ.અમદાવાદ</u>

**<u>ફોજદારી કેસ નં.૭૬૨/૨૦૨૪</u>**
**<u>આંક–૬</u>**

**<u>ફરીયાદી ::–</u>** **નામદાર સરકારશ્રી તરફે શ્રી ડી.એસ.ભૂટકા,**
કારખાના નિરીક્ષક,
(મદદનીશ નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થય),
૩/૫ મો માળ, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.

**<u>– : : વિરુધ્ધ : : –</u>**

**<u>આરોપી ::–</u>** **શ્રી મોહીત એસ.બંસલ (કબજેદારશ્રી),**
**અરાવલી એગ્રો ઈન્ડીયા પ્રા.લી.,**
નવો સર્વે નં.૩૫૭ (જુનો સર્વે નં.૧૭૪૧),
બગોદરા–ધોળકા હાઈવે, ગાંગડ, તા.બાવળા, જી.અમદાવાદ

**<u>ગુનો</u> :–** કારખાનાધારા ૧૯૪૮ ની કલમ–૫૧ ના ભંગ બદલ કલમ–૯૨ મુજબ શિક્ષા પાત્ર ગુનો કરવા બાબત...

**–:: <u>ઠ રા વ</u> ::–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, ફરીયાદીએ કારખાનાની તપાસ કરતા, કારખાનામાં અઠવાડીયાના ૪૮ કલાક કરતા વધારે સમય કામદારોને કામ કરવાનુ ફરમાવીને આરોપીએ ગુજરાત કારખાના ધારા ૧૯૪૮ ની કલમ–૫૧ ના ભંગ બદલ કલમ–૯૨ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરીયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

**(૨)** ઉપરોકત સંદર્ભની ફરિયાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ધ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦(એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદ માં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

**(૩)** આરોપીને સમન્સ બજી જતાં આરોપી આજરોજ અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ, ત્યારબાદ તેઓની પ્લી લેવા માં આવેલ,જેમાં તેઓ ગુનો કબુલ કરેલ છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓ નો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામા ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) આરોપીએ ગુન્હાની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામા આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમા લેવાશે, આમ છતા આરોપી પોતાને ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે. ત્યાર બાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામા આવતા તેમા પણ આરોપીએ પોતાની સામેનો ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે.આમ આરોપી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનુ જણાય છે.

(૫) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત ઘ્યાનમાં લેતાં તમેજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરલે રજુઆત મુજબ તેમના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપી ને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામા આવેશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોટર્નુ માનવુ છે.સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા સ્ટટે ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલના આરોપી વિરુધ્ધ ગુનો સાબીત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ઘ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–: હુ ક મ :–**

૧) આ કામે આરોપી/સંસ્થાને ક્રિ.પ્રો.કો.ક.૨૫૨ અન્વયે કારખાનાધારા ૧૯૪૮ ની કલમ–૫૧ ના ભંગ બદલ કલમ–૯૨ હેઠળ તકસીરવાન ઠરાવીને આરોપીને દંડ રૂ.૨૦૦૦/– × ૧ નિયમ × ૧ આરોપી એટલે કુલ મળી **રૂ.૨૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા)** નો દંડ અને જો દંડ ન ભરે તો દિન–૩૦ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજરોજની નેશનલ લોકઅદાલત દરમ્યાન યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૨/૦૬/૨૦૨૪
સ્થળ : અમદાવાદ.

**(વિજયસિંહ ભાવસિંહ ચૌહાણ)**
**CODE : GJ01045**
**એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**લેબર કોર્ટ, અમદાવાદ**